**40 માં મહે. એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં, અમદાવાદ શહેર**

ક્રિ.કે.નં. 49040–2025
આંક–

ફરીયાદી:– શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપી:– ભીખીબેન ગુલાબભાઈ ચુનારા,
રહે. ઓઢવ, અમદાવાદ

## ઠરાવ

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંતે પોલીસ આરોપી સામે ઉપરોક્ત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેને કેસ પેપર્સની નકલો આપી આંક– થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું. આરોપીની આંક– થી પ્લી રેકર્ડ કરેલ ત્યારે આરોપીએ ગુનાનું સ્વીકાર કરેલ અને આજરોજ આંક– થી આરોપીએ હાજર થઈ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ. તે આંક– થી ગુન્હા કબુલાતની પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરસીસ રેકર્ડે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક– ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આ કામે સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે મહત્તમ ૩ વર્ષની કૈદની સજા અને દંડની જોગવાઈ છે. આમ, આરોપીની સ્થિતિ, સંજોગો વિગેરે ધ્યાને લઈ આ કામના આરોપીને કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, વિ.એ.પી.પી. શ્રી તથા આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબ હુકમ કરું છું.

**-:: આખરી હુકમ ::-**

આરોપી ભીખીબેન ગુલાબભાઈ ચુનારા, રહે. ઓઢવ, અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૧ અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ) ના ગુના માટે રૂા.૮૦૦/- દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ દંડ ન ભરે તો દિન-૭ની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્ય નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૩/૨૦૨૫

**(વિપિન કુમાર બંસલ)**
40માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩